ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ) દ્વારા મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટની કામગીરી અંગે જરૂરી સમજ અને તેની કાર્ય પધ્ધતિ બાબતે વિસ્તૃત જાણકારી આપેલ, જયારે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રીએ તમામ પ્રકારના કરવામાં આવતા વેસ્ટનો નિકાલ અને એકત્રીકરણની જાણકારી આપેલ હતી.

ઉપસ્થિત તમામ પ્રતિનિધિઓએ તેઓના શહેરમાં સોલીડ વેસ્ટના નિકાલ અને એકત્રીકરણની કામગીરીની જાણકારી આપેલ હતી. આ તમામ પ્રતિનિધિઓએ સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવતી સોલીડ વેસ્ટની કામગીરીને સહર્ષ સ્વીકારી આવકાર દાયક જણાવેલ હતી. બપોરે ૧:૩૦ કલાકે વર્કશોપનો પહેલો સેશન પુરો થયો હતો.
બપોરબાદ આ વર્કશોપ સંલગ્ન બીજા સેશન તરીકે ફીલ્ડ વીઝીટ માટે પ્રતિનિધિઓને શહેરમાં ચાલતી ડોર ટુ ડોરની કલેકશનની કામગીરી, પાલ સેકડરી ટ્રાન્સપોટેશનની મુલાકાત, પાલ ઈન્ટીગ્રેટેડ વોર્ડ ઓફિસની મુલાકાત, બાયો મેડીકલ વેસ્ટ નિકાલ પ્રોજેકટની મુલાકાત, તર્સરી ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત લીધેલ હતી. આ વર્કશોપનું તમામ આયોજન આરોગ્ય અધિકારીશ્રી અને નોડલ ઓફિસર ડો.આશિષ નાયક દ્વારા આયોજન કરવામાં આવેલ હતું.

સમગ્ર ભારત દેશમાં "સ્વચ્છ ભારત મિશન" અંર્તગત વિવિધ શહેરોમાં આવા વર્કશોપ કરવામાં સુરત મહાનગરપાલિકા, સુરતને પ્રથમ પસંદગી કરવામાં આવેલ જે સુરતનું સૌભાગ્ય અને ગૌરવ છે.


Surat

# પ્રેસનોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૧/૦૫/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૩૪૬ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૬,૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૩૭ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૭૨૭ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૬૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૫૨ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૯૧ કરદાતાઓ પાસેથી રૂા.૬,૦૧,૩૫૨/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૮૧ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૧ એન્ટ્રીમાં રૂા.૭૬,૫૮૪/– અને આર.સી.ની ૫૦ એન્ટ્રીમાં રૂા.૮,૮૮,૪૯૦/– મળી કુલ રૂા.૯,૬૫,૦૭૪/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૬ એન્ટ્રીમાં રૂા.૨૦૦/–, રીન્યુઅલની ૧૭ એન્ટ્રીમાં રૂા.૯૩૦/– અને દંડની રકમની ૧૩ એન્ટ્રીમાં રૂા.૨૫૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૨ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ છે.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ વસુલાત રૂા.૧,૨૦,૧૦૮/–, દબાણ ચાર્જના રૂા.૨,૩૪૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૫૮૦૦/– મળી કુલ રૂા.૧,૨૮,૨૪૮/– ની વસુલાત કરવામાં આવેલ છે.

દબાણ ખાતા દ્વારા અમરોલી માનસરોવર સર્કલથી દબાણ હટાવી ખુલ્લી લારી–૩૦ જપ્ત કરવામાં આવેલ છે.

# —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૧૨/૦૫/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં એડી.સીટી. ઈજનેરશ્રી ની સૂચના અન્વયે, કાર્યપાલક ઈજનેરના માર્ગદર્શન હેઠળ નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના)માં ટી.પી.૫૮ (બમરોલી) બ્લોક નં.૨૭૩ , યોગી કૃપા સોસાયટીમાં આશરે ૫૦૦ ચો.ફુટ સ્લેબનું બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

# સાઉથઝોન(ઉધના)

# સુરત મહાનગરપાલિકા

**તા.૧૨.૦૫.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૧૬** ફાઈલના **રૂા.૦.૬૩ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ– **૦૪ લોકેશન(ખાડા) ૨૮૫ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૧૮.૪૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. તથા **કુલ–૦૪,** લોકેશન(ખાડા) **૧૪૦.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે. **કુલ–૦૬** લોકેશન, **૧૮૮૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે, સાઉથ ઝોન (ઉધના) માં ટી.પી.૫૮(બમરોલી) બ્લોક નં. ૨૭૩ , યોગી કૃપા સોસાયટીમાં આશરે **૫૦૦ ચો.ફુટ** સ્લેબનું બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ છે. તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૪** પાણીના નવા કનેકશન કુલઃ **૦૫** આપવામાં આવેલ, તથા આઈ.સી.નાં નાંણા પેટે **રૂા.૮૨૪૮/–** વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૩૫** છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **: ૨૮૭** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૫.૫૩** લાખ થયેલ છે.તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૭.૧૭** લાખ થયેલ છે., **૧૭** EC તથા **૧૭** RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧,૪૯૦ /–** વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૮૦૦/–** વસુલ લેવામાં આવેલ છે., **૧૫** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૪** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૦૮** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૧૯૮.૬૨૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૨** છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૨,૨૦૦/–** છે.તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૦૦૫૮** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૨૪૯૪** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૫૭** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૭૬૭** કરવામાં આવેલ છે. જયારે **૧૫** નોટીસ આપવામાં આવેલ છે. .તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૪,૫૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

૩૦૨

# :: <u>પ્રેસનોટ</u> ::

## સુરત મહાનગરપાલિકા આયોજીત "સમર કેમ્પ"

સુરત મહાનગરપાલિકા દ્વારા કળા, સંગીત, નૃત્ય, નાટ્ય કલાકારો અને રમતવીરોને પ્રોત્સાહન આપી તેમનામાં છૂપાયેલી શકિત બહાર લાવવા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને સ્પર્ધાઓ યોજવામાં આવે છે. સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ દ્વારા ૧૫ મે, સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણી અંતર્ગત શહેરના બાળકો અને કલાકારોમાં રહેલી કલાક્ષેત્રની સુષુપ્ત શકિતને બહાર લાવી તેઓની સર્જનશીલતાને વેગ આપવા તા.૧૫/૦૫/૧૬ થી તા.૦૫/૦૬/૧૬ દરમ્યાન પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત ખાતે "સમર કેમ્પ"માં અલગ અલગ વયગૃપ માટે વિવિધ કોર્ષના તાલીમનું આયોજન કરવામાં આવેલ છે. આ સમરકેમ્પને તા.૧૫/૦૫/૧૬ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયા, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુ.કમિશ્નરશ્રી મિલિન્દ તોરવણે,આઈ.એ.એસ., શાસકપક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ તથા નાટ્ય અને કલાક્ષેત્રના તજ્જ્ઞો દ્વારા દીપપ્રગટાવી શુભારંભ કરવામાં આવશે. શુભારંભ કાર્યક્રમમાં રજુ થનાર એકાંકી, નાટક અને નૃત્યને માણવાં સાથે કલાકારોને પ્રોત્સાહિત કરવા સુરત મહાનગરપાલિકા નિમંત્રણ પાઠવે છે.

| ક્રમ | કોર્ષ | વયગૃપ |
|---|---|---|
| ૧ | બાળ નાટ્ય શિબિર | ૭ થી ૧૩ વર્ષના બાળકો માટે |
| ૨ | અભિનય | ૧૩ થી ૨૦ વર્ષ અને ૨૦ વર્ષથી ઉપરના શિબિરાર્થીઓ માટે |
| ૩ | નાટ્ય નિર્માણ(ટેકનીકલ), નાટ્ય લેખન અને દિગ્દર્શન | ૨૦ વર્ષથી ઉપરના શિબિરાર્થીઓ માટે |
| ૪ | કલાસીકલ ડાન્સ, વેસ્ટર્ન ડાન્સ | ૭ થી ૧૨ અને ૧૩ થી ૧૮ વર્ષના શિબિરાર્થીઓ માટે |
| ૫ | પેપરબેગ, દિવા ડેકોરેશન, ફાઈલ ફોલ્ડર મેકીંગ કેમ્પ, | ૧૩ થી ૧૭ વર્ષના બાળકો માટે |
| ૬ | માટીકામની પ્રવૃત્તિઓનું ડેમોન્સ્ટ્રેશન | યુસીડી વિભાગ–સખીમંડળો દ્વારા |

આ સમર કેમ્પના વિવિધ કોર્ષમાં શહેરના નાટ્ય જગત અને નૃત્યકલા ક્ષેત્રના તજ્જ્ઞો પોતાના અનુભવનો લાભ આપી શહેરની ઉભરતી પ્રતિભાઓને ખીલવવા માર્ગદર્શન પુરૂં પાડશે. સમરકેમ્પમાં તાલીમ પામેલા શિબિરાર્થીઓ કેમ્પ સમાપનના દિવસે પોતાની આગવી પ્રતિભાને પરફોર્મીંગ આર્ટ સેન્ટરના તખ્તે પ્રદર્શિત કરશે.

સમર કેમ્પમાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત ખાતેથી તથા પરફોર્મીંગ આર્ટસ્ સેન્ટર ખાતેથી તેમજ સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પરથી મળી શકશે. ભરેલા

પ્રવેશફોર્મ, પ્રવેશ ફી અને ઉંમરના પુરાવાની સર્ટીફાઈડ કોપી સહિત તા.૧૬/૦૫/૧૬ સુધીમાં સાંસ્કૃતિક વિભાગ ખાતે પરત કરવાના રહેશે. ત્યારબાદ પ્રવેશ મળશે નહીં. તા.૧૫/૦૫/૧૬ના રોજ સવારે ૧૧ કલાકે પરફોર્મીગ આર્ટ સેન્ટર ખાતે ઉંમરના પુવારા સાથે પ્રવેશ ફી જમા કરાવી શકશે. સમરકેમ્પના વિવિધ કોર્ષના શિબિરમાં નિર્ધારીત ફી લઈ મર્યાદીત સંખ્યામાં પ્રવેશ આપવામાં આવનાર હોય શિબીરાર્થીઓને વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી લેવાનો રહેશે. જેમણે પ્રવેશ ફી અને ઉંમરના પુરાવા જમા કરાવેલ છે તેઓએ તા.૧૫/૦૫/૧૬ના રોજ શિબીરાર્થીઓને તાલીમી કોર્ષ અંગેની માહિતી આપવામાં આવનાર હોય તમામ શિબીરાર્થીઓએ સવારે ૧૧.૩૦ કલાકે પરફોર્મીગ આર્ટ સેન્ટર ઓડિટોરીયમ ખાતે અચૂક ઉપસ્થિત રહેવા નોંધ લેવી.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છત ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી સને ૨૦૧૯ સુધી "મહાત્મા ગાંધી સફાઈ મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમો આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૦૧/૦૫/૧૬ના રોજ **"ઈન્ટરનેશનલ લેબર દિન"** નિમિતે તા.૦૧/૦૫/૧૬ થી તા.૧૫/૦૫/૧૬ દરમ્યાન દરેક ઝોનમાં આવેલ ફેકટરી/સંસ્થા/GIDCમાં ઉત્પાદન અને વેચાણ કરતી સંસ્થાઓમાં કામ કરતા મજુરો માટે આવી સંસ્થાઓમાં આરોગ્યલક્ષી સુવિધાઓની ધનિષ્ઠ ચકાસણી કરવા તેમજ સાફ સફાઈ ઝુંબેશની કામગીરી હાથ ધરવા જણાવવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૧૨/૦૫/૧૬ના રોજ આરોગ્ય વિભાગ તરફથી શહેરના વિવિધ ઝોનમાં આરોગ્યલક્ષી ધનિષ્ઠ ચકાસણી કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હતી.

આમ શહેર વિસ્તારોમાં આવેલ પૈકી ૬૮૧ ફેકટરી/સંસ્થા/GIDCમાં ધનિષ્ઠ ચકાસણી કરતા ૩૦૩૮ વર્કરો માટે ૪૫૧ ટોયલેટ/બાથરૂમની સુવિધા માલુમ પડી હતી તેમજ અંદાજીત ૫.૩૦૦ કચરો/કચરા મીશ્રીત માટીનો નીકાલ કરાવ્યા બાદ ૩૮૫ કીલોગ્રામ જંતુનાશાક પાવડરનો છંટકાવ કરાવી ૧૨ ન્યુસન્સ કરતા ઈસમોને નોટીસ પાઠવી ૨૯ ઈસમ પાસે રૂા.૧૧,૩૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી. આ ઝુંબેશની કામગીરી આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે.

# પ્રે સ નો ટ

ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા આરોગ્ય અધિકારીશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ આગામી ઉનાળાની સીઝનને ધ્યાને રાખી આજ તા.૧૨/૦૫/૨૦૧૬ નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરોએ  નીચે જણાવેલ લારીઓ ચેક કરી, આરોગ્યલક્ષી ખામીઓ જણાતા નોટીસ આપવામાં આવેલ છે.

| અ.નં | સંસ્થાનું નામ | સંસ્થાનું સરનામુ |
|---|---|---|
| ૧ | નિકુંજ ટીફીન હાઉસ –લારી | ઉધના દરવાજા,ઉધના મેઈન રોડ,સુરત. |
| ૨ | શિવશકિત ટી સેન્ટર–લારી | ઉધના દરવાજા,ઉધના મેઈન રોડ,સુરત. |
| ૩ | ઓમ સાંઈ સિધ્ધી પાઉભાજી –લારી | ખટોદરા કોલોની,સુરત. |
| ૪ | ગુરૂકૃપા ચાઈનીઝ–લારી | ખટોદરા કોલોની,સુરત. |
| ૫ | જલારામ પાઉભાજી–લારી | ખટોદરા કોલોની,સુરત. |
| ૬ | મેકડોનાલ્ડ ચાઈનીઝ ફુડ–લારી | ખટોદરા કોલોની,સુરત. |
| ૭ | ન્યુ જય અંબે ચાઈનીઝ ફુડ –લારી | ખટોદરા કોલોની,સુરત. |
| ૮ | ન્યુ બોમ્બે ચાઈનીઝ ફુડ–લારી | ખટોદરા કોલોની,સુરત. |
| ૯ | શ્રી સાંઈનાથ આમલેટ સેન્ટર –લારી | ખટોદરા કોલોની,સુરત. |
| ૧૦ | હિન્દુ મીની ટીફીન હાઉસ –લારી | ખટોદરા કોલોની,સુરત. |
| ૧૧ | ઓમ શ્રી સાંઈ ઢોસા સેન્ટર–લારી | ખટોદરા કોલોની,સુરત. |
| ૧૨ | સિધ્ધી વિનાયક વડાપાઉ–લારી | ખટોદરા કોલોની,સુરત. |
| ૧૩ | માસ્તર આમલેટ સેન્ટર–લારી | ખટોદરા કોલોની,સુરત. |
| ૧૪ | બેંગ્લોર કોલ્ડ્રીંસ એન્ડ લસ્સી સેન્ટર –લારી | ખટોદરા કોલોની,સુરત. |

# સ્મીમેર

# પ્રેસનોટ

સ્મીમેર હોસ્પીટલમાં તા.૬/૦૫/૨૦૧૬ થી તા.૧૨/૦૫/૨૦૧૬ દરમ્યાન સારવાર લીધેલ પેશન્ટોની માહિતી.

- સ્મીમેર હોસ્પીટલમાં વિવિધ રોગોની સારવાર અર્થે આવેલ ૧૦૭૩૩ આઉટડોર દર્દીઓને જરૂરી સારવાર આપવામાં આવી.૧૦૪૨ દર્દીઓને વધુ સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કરવામા આવ્યા. આ અઠવાડિયા દરમ્યાન એમ.એલ.સી.ના ૩૮૯ દર્દીઓ નોંધાયેલ છે. આઈ.સી.યુ. વિભાગમાં ૪૯ દર્દીઓને સારવાર આપવામાં આવી.
- ઓબ્સ્ટ્રેક એન્ડ ગાયનેકોલોજી વિભાગમાં ૧૩૪ સ્ત્રીઓની પ્રસૂતિ કરાવવામાં આવી.
- સ્મીમેર હોસ્પીટલમાં ૧૩૭ મેજર ઓપરેશનો તથા ૨૭૬ માયનોર ઓપરેશનો કરવામાં આવેલ છે.
- રેડીયોલોજી વિભાગમાં એક્ષ–રે ૨૬૧૬, સોનોગ્રાફી ૬૫૮, એમ.આર.આઈ. ૧૧૨ તથા સીટી સ્કેન ૧૧૦ કરવામાં આવેલ છે.
- ડોનર તરફથી બ્લડ બેન્કમાં ૪૯૧ યુનિટ બ્લડ મળેલ છે જયારે ૩૪૯ યુનિટ બ્લડ જરૂરિયાતમંદ દર્દીઓને ઈસ્યુ કરવામાં આવેલ છે.
- સ્મીમેરની લેબોરેટરીમાં ૨૪૨૦૦ દર્દીઓના વિવિધ ટેસ્ટ માટેના સેમ્પલો લેવામાં આવ્યા.
- જુના ૨૮૨ દર્દીઓ તથા નવા ૧૫૯ દર્દીઓને હડકવા વિરોધી રસી મુકવામાં આવી.

વધુમાં મીલ્ક બેંક, આઈ બેંક વિગેરેની સુવિધા પણ ઉપલબ્ધ છે. જે ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

# પ્રેસનોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૨/૦૫/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૩૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૪૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૫ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૯૩૭ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૬૧૦ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૩ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૯૪ કરદાતાઓ પાસેથી રૂા.૨,૨૭,૮૯૧/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૧૩૩ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૬૨ એન્ટ્રીમાં રૂા.૧,૪૬,૫૧૬/– અને આર.સી.ની ૭૧ એન્ટ્રીમાં રૂા.૧૧,૫૬,૨૭૮/– મળી કુલ રૂા.૧૩,૦૨,૭૯૪/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૧૦ એન્ટ્રીમાં રૂા.૩૦૦/–, રીન્યુઅલની ૨૨ એન્ટ્રીમાં રૂા.૧૨૪૦/– અને દંડની રકમની ૧૯ એન્ટ્રીમાં રૂા.૨૮૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

દબાણ ખાતા દ્વારા (૧) "૦" રોડ : મહિલા મંદિરની ગલી દબાણ હટાવી ખુલ્લી લારી–૧૦ જપ્ત કરવામાં આવેલ છે. (૨) "અન્ય" રોડ : બળવંતનગર સોસા.થી કૈલાશનગર સુધીનું દબાણ હટાવી ખુલ્લી લારી–૨૮ તથા બંધ લારી–૧ જપ્ત કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૦૬/૦૫/૧૬ થી તા.૧૨/૦૫/૧૬ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૧૯૭ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૧૩૬ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૧૦૨ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૫ |
| ૫ | માયનોર ઓપરેશન | ૧૩ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૩૦ |

# પ્રેસનોટ

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ** |

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૦૬/૦૫/૨૦૧૬ થી તા.૧૨/૦૫/૨૦૧૬ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન, ઈસ્ટઝોન (વરાછા), સાઉથઈસ્ટ ઝોન(લીંબાયત), સાઉથ ઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૮૨,૦૭૫/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ.૧૦,૬૦૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૨૧૯.૫૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૬૨.૦૦૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ–૩૪ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ઢબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૧૯,૩૫૦/– ની વસુલાત કરવામાં આવેલ છે અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ –૯૦(એ)(૧) મુજબ –૦૫ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૩૩,૭૭૦ અને ૧૫,૧૩૨ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૪,૨૭,૭૦૦/– અને રૂા.૫,૬૮,૧૪૦/– રકમ મળી કુલ રકમ રૂા.૯,૯૫,૮૪૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

૩૦૯

# –: પ્રેસનોટ :–

**<u>સાઉથ ઝોન (ઉધના)માં  તા.૧૩/૦૫/૨૦૧૬ ના રોજ  ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં એડી.સીટી. ઈજનેરશ્રી ની સૂચના અન્વયે, કાર્યપાલક ઈજનેરના માર્ગદર્શન હેઠળ નીચે મુજબના  સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) માં ડ્રા. ટી. પી. ૫૭ (પાંડેસરા) માં આવેલ મારૂતી ઈન્ડ. માં પ્લોટ નં. ૦/૭ થી ૧૨ માં આશરે **૨૦૦૦ ચો.ફુટ** વિસ્તારમાં આર.સી.સી. તથા ચણતર કામ સહિતના બાંધકામનું ડીમોલીશન કરવામાં આવેલ છે. ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૧,૩૦,૦૦૦/– તથા ડીપોઝીટ પેટે રૂા.૧,૩૦,૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા  કરવામાં આવેલ છે.

# પ્રેસ નોટ

વિષયઃ– સુરત રેલ્વે સ્ટેશન પ્રોજેકટ અંતર્ગત Multi Modal Transport Hub (MMTH)ના
વિકાસ દ્વારા સુરત શહેરની ''સુરત''બદલવા અંગે.

ઈન્ડીયન રેલ્વે સ્ટેશન ડેવલપમેન્ટ કોર્પોરેશન(IRSDC),ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ(GSRTC) અને સુરતમ્યુનિસિપલ કોર્પોરેશન(SMC) સંયુકત રીતે સુરત રેલ્વે સ્ટેશનના નવનિર્માણ અંતર્ગત Multi Modal Transport Hub (MMTH) એટલેકે બહુવિધિ હેતુ પરિવહન કેન્દ્ર DBFOT(Design-Build-Finance-Operate-Transfer) મોડલ પર સ્થાપવા ઈચ્છે છે. આ પ્રોજકટનું નિર્માણ જણાવેલ ત્રણેય સંસ્થાઓના સંયુકત સાહસ દ્વારા જોઈન્ટ વેન્ચરSPVમારફતે વિશાળ જનહિતના લાભાર્થે કરવામાં આવશે.

ઉપરોકત જણાવેલ સુચિત પ્રોજેકટમાં આવરી લેવાયેલ મુખ્ય ઘટકો આ પ્રમાણે છે. રેલ્વે સ્ટેશનનું નવનિર્માણ (રીડેવલપમેન્ટ),GSRTCબસ ટર્મિનલનું નવનિર્માણ, રેલ્વેસ્ટેશનની પૂર્વ – પશ્ચિમ કનેકટીવીટી સુધારવા અંગેનાકામો સામાન્ય સુવિધાઓનું માળખું સુધારવા અંગેના કામો, પ્રોજેકટ સાથે સંકળાયેલ કોમર્શીયલ ડેવલપમેન્ટ તેમજ સુચિતનવનિર્મિત રેલ્વે સ્ટેશન અને બસ ટર્મિનલની ઓપરેશન અને મેન્ટેનન્સનીકામગીરી.

સુચિત પ્રોજેકટ આ પ્રકારની માળખાકીયવિકાસ કરવાનો એવો પ્રથમ પ્રોજેકટ છે જે સરકારનાતમામ ત્રણેય સ્તર પર એટલે કે કેન્દ્ર સરકાર(રેલ્વે), રાજય સરકાર(GSRTC) અને સ્થાનિકસ્વરાજયની સંસ્થા(SMC) દ્વારા સંયુકતપણે પોત પોતાનીજમીનને સમાન હેતુ માટે સાંકળીને શહેર માટે જરૂરી જનપરિવહન તમામમાધ્યમ – રેલ્વે, સીટી બસ, બી.આર.ટી.એસ., લાંબા અંતરની એસ.ટી. બસ સર્વિસ, ઓટોરીક્ષા, ટેક્ષી તેમજ ખાનગીવાહનોની સુવિધાઓના પરસ્પર સમન્વયથીનાગરિકોને મહત્તમ સુખદ સુવિધા દ્વારા આંતરરાષ્ટ્રીય કક્ષાની યાત્રી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે. જેના કારણે સામાન્યનાગરિકોનો સુખદ અનુભવવધશે અને તમામ જનપરિવહન સેવાઓ માટેની સામાન્ય સુવિધાઓનું કેન્દ્રીકરણ થશે જેનો મુખ્ય હેતુ પેસેન્જર એટલે કેયાત્રીને કેન્દ્ર સ્થાને રાખીને ''રાજા''તરીકે મુલવવાનો છે.

વિષય હેઠળના પ્રોજેકટના સુચિતવિકાસનો સૈધ્ધાંતિક માસ્ટર પ્લાન જણાવેલ ત્રણેય સંસ્થાઓદ્વારામાન્યરાખીને પોતાના કબ્જા હેઠળની જમીનને સુચિત પ્રોજેકટના સંયુકત વિકાસ અર્થે આપવાનો સૈધ્ધાંતિક નિર્ણય કરેલ છે.

સુચિતSPVતરફથીIRSDCદ્વારા ઈચ્છુક ડેવલપર્સને “Expression of Interest” માં ભાગ લેવાઆમંત્રિતકરેલ છે. જેનાથીઆગળની બિડીંગ (Bidding) પ્રોસેસ માટે યોગ્યતાના માપદંડ નકકી થઈ શકશે.

ઉપરોકત જણાવેલ EOZ, IRSDC ટેન્ડર વિઝાર્ડની વેબસાઈટ www.tenderwizard.com/IRSDC પરથી કોઈ પણ ચાર્જ ચુકવ્યાવિના ડાઉનલોડ કરીશકાશે. EOI સબમીટ કરવાનો અંતિમતારીખ/ સમય ૨૫ મેં, ૨૦૧૬, ૧૪:૦૦ કલાકે છે. આ બાબતે જો કોઈ એડેન્ડા/ કોરીગેન્ડમ હશે તો તે પણ ફકત સદર વેબસાઈટ પર IRSDCદ્વારા અપલોડ કરવામાં આવશે.

સુચિત રેલ્વે સ્ટેશન રીડેવલપમેન્ટ પ્રોજેકટની મુખ્યવિશેષતાઓનીચે જણાવ્યા પ્રમાણે છે.

(૧)પસંદ થયેલ ડેવલપર SPV ની જરૂરિયાત મુજબ MMTH નું નિર્માણ કરશે જેનાબદલામાં MMTHની ફરતે જણાવેલ જમીનતથા એર–સ્પેસનો યોગ્ય ઉપયોગ કરીને કોમર્શીયલ ડેવલપમેન્ટ કરીશકશે. યાત્રીઓનીCross Movement ને રોકવાના હેતુથી સ્ટેશન સ્કુલની અંદર આવતા તેમજ બહારજતાયાત્રીઓને અલગકરવા.

(૨)તમામ જનપરિવહન સેવાઓનો પરસ્પર સમન્વયતથા સંકલન.

(૩)અવરોધરહિતઅભિગમદ્વારાકનેકટીવીટી સુધારીને MMTHખાતે આગમન/ પ્રસ્થાનની સુવિધા સુધારવા.

(૪) ૧૦૦%FDI(સીધાવિદેશી રોકાણ) ની છૂટ.

(૫)Bidderસંયુકતપણે કોન્સોરીયમથીભાગ લઈ શકે છે.

.....૨

(૬) કોમર્શીયલ ડેવલપમેન્ટ માટે હાલમાં ૪૫/૯૦ વર્ષનો કન્સેશન પીરીયડ ગણવામાં આવેલ છે.

(૭) સુચિત પ્રોજેકટ અન્વયે કોમર્શીયલ ડેવલપમેન્ટ માટે અંદાજે ૬૧ માળના ૫ (પાંચ) ટાવર ધારવામાં આવેલ છે, જેનાથી શહેરનીSkyline માં બદલાવઆવશે.

(ઉપરોકત જણાવેલ વિગતો સુચક (Indicative)છે અને ફકત સંદર્ભ (refenence) માટે આપેલ છે. વિસ્તૃતવિગતRFPના ભાગરૂપે આપવામાં આવશે)

સુચિત પ્રોજેકટ માટે સુચનોઆવકારવાની પ્રક્રિયામાં જુદા જુદા સ્ટેકહોલ્ડર્સ તથા સામાન્યનાગરિકોનો સમાવેશ થાય છે, જેમના પ્રદાનને આગળના બીડીંગ ડોકયુમેન્ટ બનાવવાની પ્રક્રિયામાં સામેલ કરવામાં આવશે.

સુચિત પ્રોજેકટ માટેEOIભારતભરનાતમામઅગ્રગણ્ય ડેવલપર્સ ઉપરાંતભારતીયદુતાવાસો(એમ્બેસી) ને પહોંચાડવામાં આવેલ છે અને તેઓને સુચિત પ્રોજેકટનો વ્યાપક પ્રચાર/પ્રસારકરવા જણાવવામાં આવેલ છે, જેનાથીવિદેશી બીડર્સને સામેલ થવાનીતક મળશે.

પ્રી–એપ્લીકેશનકોન્ફરન્સનામાધ્યમથી દેશ–વિદેશમાં આ વિષયને મહત્વ મળશે,જેનાથી દેશ–વિદેશના ડેવલપર્સ, મોટી ઈન્ફ્રાસ્ટ્રકચર કંપનીઓ તેમજ ફાયનાન્સીયલ ઈન્વેસ્ટર્સને બીડીંગમાં ભાગ લેવાનીતક મળશે.

સુચિત પ્રોજેકટની પ્રથમ પ્રી–એપ્લીકેશનકોન્ફરન્સ તા.૦૩–૦૫–૨૦૧૬નારોજ બપોરે ૧૨:૦૦ કલાકે પશ્ચિમ રેલ્વેના, મુંબઈ ખાતેના મુખ્યમથકે યોજાયેલી હતી. જેમાં IRSDC, વેસ્ટર્ન રેલ્વે, GSRTCતથા સુરત મહાનગરપાલિકા તરફથીઅધિકારીઓ ઉપસ્થિત રહેલ હતા.

અવિરત પરામર્શ પ્રક્રિયાના ભાગરૂપે આજે તા.૧૩–૦૫–૨૦૧૬નારોજ સુરતખાતે સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરીખાતે સવારે ૧૧:૩૦ કલાકે દ્વિતીય પ્રી–એપ્લીકેશનકોન્ફરન્સ યોજાયેલ હતી, જેમાં પણ IRSDCનાCEOશ્રી એસ.કે.લોહીઆ,CEOશ્રીપરાગ વર્મા, GSRTCનાવાઈસ ચેરમેન અને મેનેર્જીંગ ડાયરેકટરશ્રી પંકજ કુમાર, સુરત મહાનગરપાલિકા વતી સીટી ઈજનેરશ્રીજે. એસ. શાહતથા ડેપ્યુટી કમિશ્નરશ્રી (પ્લાનીંગ અને ડેવલપમેન્ટ) શ્રી જે.એમ.પટેલ હાજરરહેલ હતા અને ત્યારબાદ સ્થળ– વિઝીટ પણ રાખવામાં આવેલ હતી.આજનીકોન્ફરન્સમાં અલગ–અલગ કંપનીઓના કુલ ૪૫ પ્રતિનિધિઓ હાજરરહેલ હતા. જેમાં મુખ્યત્વે Arup India, મારુતિ રેલ, Schneirder ઈલેકટ્રીક, એસેલ ઈન્ફ્રાસ્ટ્રકચર, કયુબ Infrastructure , એલ એન્ડ ટી, AECOM, ટાટા રીયલ્ટી એન્ડ ઈન્ફ્રા, ફોર્સ મોટર્સ, શાપોરજી પાલોનજી, જીંદાલ સ્ટીલ એન્ડ પાવર, સેવી ઈન્ફ્રા, કે. રહેજા, હેપી હોમ ગૃપ–સુરત, હીન્દવા ગૃપ–સુરત, ક્રેડાઈ–સુરતના પ્રમુખશ્રી અને અન્યનો સમાવેશ થાય છે.

વિષય હેઠળની અધતનમાહિતીwww.irsdc.comખાતે અને તેમના ટવીટર એકાઉન્ટ @irsdcinfoપરથી પણ મળશે.

સુચિત પ્રોજેકટ માટે તા.૧૩–૦૫–૨૦૧૬નારોજ સાંજે ૪:૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીખાતે પ્રેસ કોન્ફરન્સ યોજાયેલ હતી, જેમાં સુરત શહેરનામાનનીય સાંસદ સભ્યશ્રી સી.આર.પાટીલ, માનનીયશ્રીમતીદર્શનાબેન જરદોશ, સુરત મહાનગરપાલિકાના માન.ડે.મેયરશ્રી શંકરભાઈ ચેવલી, માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ તથામાન.નેતાશ્રીશાસક પક્ષ શ્રીગિરિજાશંકરમિશ્રાહાજરરહેલ હતા તેમજ સુચિત પ્રોજેકટ અંગેની વિગતો પ્રેસ મીડિયાના હાજરરહેલ પ્રતિનિધિઓને આપી હતી.

**Dated 13.05.2016**

**PRESS BRIEF**

Sub: Development of Multi Modal Transportation Hub at Surat Railway Station – changing the "Soorat" (सूरत) of Surat City.

Indian Railway Stations Development Corporation (IRSDC), Gujarat State Road Transport Corporation Limited (GSRTC) and Surat Municipal Corporation (SMC) intend to develop a Multi Modal Transportation Hub (MMTH) at Surat Railway Station/Gujarat on DBFOT basis. Project will be implemented under a joint venture Special Purpose Vehicle (SPV), which is proposed to be created for the benefit of the common man.

The components of the project include re development of Railway Station, re-development of GSRTC Bus Terminal, providing East-West road connectivity, Development of Common facilities and commercials along the Project integration connectivity and Operations & Maintenance of Railway station & Bus Terminal.

This is the first of its kind of infrastructure development where all the three levels ofGovernment i.e Central (Railways), State (GSRTC) and Urban Local Body (SMC) are forming a joint venture and pooling their land to integrate different modes of transport i.e. rail, city bus, long distance bus services, auto, taxi and private vehicles etc. for the maximum convenience of the passengers through seamless connectivity across all modes and provide international experience of travel comfort. This enhances the common man experience and reduces the overlapping of facilities and provides more compact services with maximum convenience – with the motto that passenger is the king. Conceptual Master Plan of the proposed development has been agreed and all parties have agreed in principle to pool in their land for the integrated development of the MMTH.

IRSDC on behalf of the proposed SPV has invited **"Expression of Interest"** from interested developers/ operators to firm up the eligibility criteria for the further bidding process.

The EoI may be downloaded for free by visiting the IRSDC Tender Wizard (www.tenderwizard.com/IRSDC) and going to the free download section at www.irsdc.com. The last date and time of submission of EoI is upto 1400 hrs on May 25 2016. Any corrigendum or addendum shall be uploaded only on the web site.

Salient Features of the Station Redevelopment project:

1. Selected bidder is to construct the MMTH as per employer's requirement in lieu of the commercial development rights on the land surrounding the MMTH and the air space available for commercial development. Segregation of incoming and outgoing passengers for avoiding cross movement.
2. Integration of various modes of transport.
3. Better connectivity and circulation for hassel free approach and departure from the MMTH area.
4. 100% FDI is allowed.
5. Bidders may bid as consortium.

6. Term of concession period for commercial real estate development is presently envisaged for 45/90 years
7. 5 towers of approximately 61 storeys are proposed for commercial development which will transform the skyline of the city.

[Note: The above details are indicative and for reference, details will be part of the RFP document]

The consultative process involves stakeholders and the people of India and their inputs shall inform the development of further bidding documents.

Notice have been circulated to almost all the leading developers in India and Indian embassies have been approached to give wide publicity for the project so that that the participation from the foreign bidders is also facilitated.

This pre-application conference would be of great relevance and interest to national and international developers, infrastructure firms and financial investors as potential bidders who might be keen to take up this significant opportunity on PPP basis.

First pre application conference was held in the conference room of Western Railway on 03.05.2016 at 12.00 Hrs which was convened by CEO/IRSDC and attended by PCE/WR, CPRO/WR and VC&MD/ GSRTC, representative from SMC. The pre application conference was attended by 12 (twelve) leading developers.

In continuation to the series of consultation process 2nd pre application conference is held on date i.e. 13.05.2016 at Surat, in the conference room of the office of Surat Municipal Commissioner at 11.30 hrs. followed by site visit which was convened by CEO/IRSDC and attended by Mr. Pankaj Kumar, MD, GSRTC; Mr. Jatin Shah, City Engineer, SMC; Dr.ShivanandSwamy, CEPT. Amongst corporations, the conference was attended by Arup India, Maruti Rail, Schneider Electric, Thought Infrastrcuture, Cube Construction Engineering, L&T, AECOM, Tata Realty and others.

For latest updates one can visit www.irsdc.com and on twitter at @irsdcinfo

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છત ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

રાજય સરકારશ્રી દ્વારા હાલમાં ચાલી રહેલ ઉનાળાની સીઝનમાં ગરમીનું પ્રમાણ વધવા પામેલ હોય તેને ધ્યાને લઈ આમ જનતાને સ્વેસ્છીક સંસ્થાઓના સહયોગથી વિના મુલ્યે છાશનું વિતરણ કરવા માટે સુચન કરેલ.

ઉપર મુજબ સરકારશ્રીના સુચન અન્વયે મા.કમિશ્નરશ્રીના આદેશ અને ડે.કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ) અને આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ જે તે ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રીની સીધી દેખરેખ હેઠળ સુરત શહેરના તમામ ઝોન વિસ્તારોમાં તાકીદે વિના મુલ્યે છાશ વિતરણના કેન્દ્રો ઉભા કરી સ્વેચ્છિક સંસ્થાઓના સહયોગ દ્વારા આમ નાગરીકો માટે વિના મુલ્યે છાશનું વિતરણ શરૂ કરી દેવામાં આવેલ છે. જે અન્વયે આજ **તા.૧૩/૦૫/૧૬**ના રોજ તમામ ઝોનમાં શરૂ કરવામાં આવેલ છાશ વિતરણ કેન્દ્રની વિગત નીચે મુજબ છે.

જેમાં વરાછાઝોન દ્વારા સ્મીમેર હોસ્પિટલ ખાતે છાશ વિતરણ કેન્દ્ર શરૂ કરવામાં આવેલ જયા નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. એમ. એન. પટેલ અને ડો. કે. કે. નિગમ તથા અન્ય સ્ટાફ હાજર રહયા હતા. જેમાં **૫૬૦** જેટલા લાભાર્થીઓને વિનામુલ્યે છાશનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

રાદેરઝોનમાં ગોરાટ તાડવાડી સત્યમ એપા. ખાતે છાશ વિતરણ કેન્દ્ર શરૂ કરવામાં આવેલ, જેમાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. કે. એ. શ્રોફ તથા અન્ય સ્ટાફ હાજર રહયા હતા. જેમાં **૬૭૨** જેટલા લાભાર્થીઓને વિનામુલ્યે છાશનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

ઉધનાઝોનમાં ઉધના રેલ્વે સ્ટેશન પાસે છાશ વિતરણ કેન્દ્ર શરૂ કરવામાં આવેલ, જયા નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. દિનેશભાઈ પટેલ તથા અન્ય સ્ટાફ હાજર રહયા હતા. જેમાં **૮૩૦** જેટલા લાભાર્થીઓને વિનામુલ્યે છાશનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

લિંબાયતઝોનમાં સંજયનગર સર્કલ ખાતે છાશ વિતરણ કેન્દ્ર શરૂ કરવામાં આવેલ, જયા મ્યુ. સભ્યશ્રી ડો.રવિન્દ્ર પાટીલ, મ્યુ. સભ્યશ્રી ઈકબાલ બેલીમ, મ્યુ. સભ્ય શ્રીમતી કાન્તાબેન વાકોડીકર તથા નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. પ્રદિપભાઈ ઉમરીગર તથા અન્ય સ્ટાફ હાજર રહયા હતા. જેમાં **૪૨૫** જેટલા લાભાર્થીઓને વિનામુલ્યે છાશનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

અઠવાઝોનમાં સીવીલ હોસ્પીટલ કમ્પાંઉન્ડ ખાતે છાશ વિતરણ કેન્દ્ર શરૂ કરવામાં આવેલ જયા નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. પ્રદિપભાઈ ઉમરીગર તથા અન્ય સ્ટાફ હાજર રહયા હતા. જેમાં **૫૦૮** જેટલા લાભાર્થીઓને વિનામુલ્યે છાશનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

સેન્ટ્રલઝોનમાં રેલ્વેસ્ટેશન ટાઈમ જકાતનાકા ખાતે છાશ વિતરણ કેન્દ્ર શરૂ કરવામાં આવેલ, જયા નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. કે. આઈ. ખત્રી તથા અન્ય સ્ટાફ હાજર રહયા હતા. જેમાં **૯૫૦** જેટલા લાભાર્થીઓને વિનામુલ્યે છાશનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

કતારગામઝોનમાં ગોતાલાવાડી ટેનામેન્ટ અને નાનીવેડ સ્વામીનારાયણ ગુરૂકુળ ખાતે છાશ વિતરણ કેન્દ્ર શરૂ કરવામાં આવેલ, જયા નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. એસ. એસ. દાસ તથા અન્ય સ્ટાફ હાજર રહયા હતા. જેમાં **૨૪૦૦** જેટલા લાભાર્થીઓને વિનામુલ્યે છાશનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

**આમ તમામ ઝોનમાં શરૂ કરવામાં આવેલ વિનામુલ્યે છાશ વિતરણ કેન્દ્રો પરથી કુલ–૬૩૪૫ લાભાર્થીઓને છાશનું વિતરણ કરવામાં આવ્યુ હતું. આગામી ગરમીના દિવસોમાં પણ આ કેન્દ્રો છાશના વિતરણ માટે કાર્યરત રહેશે.**

**પ્રેસનોટ**

**નોર્થઝોન (કતારગામ)**

**સુરત મહાનગરપાલિકા**

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં મે. એડી.સીટી ઈજનેરશ્રીની સુચના મુજબ, કાર્યપાલક ઈજનેરશ્રીની દેખરેખ હેઠળ અત્રેના ઝોનમાં બિનઅધિકૃત બાંધકામ દુર કરવાની કામગીરી તા.૧૩/૦૫/૨૦૧૬ ના રોજ હાથ ધરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

(૧) નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં. ૬૬ (કોસાડ–વરીયાવ) માં આવેલ સાંઈ એમ્બ્રો ઈન્ડસ્ટ્રીઝના પ્લોટ નં. ૧૯, ૨૦ અને ૨૧ માં ચોથા માળનું આશરે ૪૮૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં તથા પ્લોટ નં. ૪૯ ના ત્રીજા માળનું આશરે ૪૮૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબ, બીમ, કોલમ સહિત નું બાંધકામ દુર કરવામાં આવેલ છે. આમ, કુલ આશરે ૯૬૦૦ ચો.ફુટ માપ ગેરકાયદેસર બાંધકામ તથા બાકીના ગેરકાયદેસર બાંધકામની આગામી દિવસોમાં દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

(૨) ટી.પી.સ્કીમ નં. ૩૫ (કતારગામ) માં આવેલ રાધિકા સોસાયટીના ટી.પી. રસ્તાને અડીને આવેલ ગેરેજના ત્રણ શેડનું બાંધકામ તથા નર્સરી સ્કુલ મળી કુલ ૧૮૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં પતરાના શેડનું બાંધકામ દુર કરવામાં આવેલ છે. તેમજ બાકી રહેલ બાંધકામની લેખિત બાંહેધરી લેવામાં આવેલ છે.

# પ્રેસનોટ

સુરત શહેર સુધરાઈ સ્થાપના દિનની ઉજવણી પ્રસંગે સુરત મહાનગરપાલિકા ધ્વારા રાંદેર ઝોન વિસ્તારમાં તા.૧૫/૦૫/૨૦૧૬ રવિવારના રોજ ઓવરહેડ ટાંકી (ESR-5) અને ઓવરહેડ ટાંકી (ESR-1)ખાતમુહૂર્તવિધિ,હાઈફલોજેટીંગ કમ સકશન મશીન (સુપર સકર મશીન) સેટ નંગ–રનું લોકાર્પણ તથા મલ્ટી એકટીવીટી ઝોન તથા વોક–વેની ખાતમુહૂર્તવિધિ માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયાના પ્રમુખ પદે તેમજ રાજય કક્ષા માન.મંત્રીશ્રી નાનુભાઈ વાનાણી , ગુજરાત સરકારના દંડકશ્રી અજયકુમાર ચોકસી, મા.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ , મા. સાંસદશ્રી સી.આર. પાટીલ , મા.સાંસદશ્રી પરભુભાઈ વસાવા , ગુ.હા.બોર્ડના મા. અધ્યક્ષશ્રી વિવેકભાઈ પટેલના મુખ્ય મહેમાન પદે તથા મા.ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી, મા. ધારાસભ્યશ્રી નરોત્તમભાઈ પટેલ, મા.ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા , મા. ધારાસભ્યશ્રી હર્ષ સંઘવી, મા.ધારાસભ્યશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, મા. ધારાસભ્યશ્રી કિશોરભાઈ કાનાણી, મા. ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, મા. ધારાસભ્યશ્રી જનકભાઈ પટેલ, મા. ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ,મા. ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, મા. ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિના મા.અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ , મા.શાસક પક્ષના નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રાના અતિથિવિશેષ પદે, માન.અધ્યક્ષશ્રી પાણી સમિતિ શ્રી પ્રવિણભાઈ ઘોઘારી, માન.અધ્યક્ષશ્રી જાહેર બાંધકામ સમિતિ શ્રી સુભાષભાઈ પાટીલ, માન.અધ્યક્ષા શ્રીમતી સુધાબેન નાહતાના વરદહસ્તે ખાતમુહૂર્તવિધિ રાખવામાં આવેલ છે.

સવારે ૦૯:૦૦ કલાકે રાંદેર વારિગૃહ હેઠળનાં વિસ્તારમાં ૨૪×૭ નાં ધોરણે પાણી પુરવઠો આપવાની યોજના અંતર્ગત ૨૪ લાખ લીટરની ક્ષમતાવાળી,૨૪ મીટર ઉચી આર.સી.સી. ઓવરહેડ ટાંકી (ESR-5) નું નિર્માણ કરવામાં આવ્યું છે આ ઓવરહેડ ટાંકી ૧.૭૯૭૩ ચો.કિ.મી. વિસ્તારને આવરી લેશે. આ ટાંકી ધ્વારા વર્ષ –૨૦૧૬ દરમ્યાન અંદાજે ૨૮૭૫૭ વસ્તીને આવરી લેશે,વર્ષ –૨૦૩૧ દરમ્યાન અંદાજે ૬૮૨૯૭ વસ્તીને આવરી લેશે,વર્ષ–૨૦૩૬ દરમ્યાન ૮૯૮૬૫ વસ્તીને આવરી લેવામાં આવનાર છે. આ ઓવરહેડ ટાંકી ધ્વારા વર્ષ–૨૦૧૬માં ૫.૧૮એમ.એલ.ડી.પાણી પુરવઠો પુરો પાડવામાં આવશે,વર્ષ–૨૦૩૧ સુધીમાં ૧૨.૨૯ એમ.એલ.ડી.પુરવઠો પુરો પાડવામાં આવશે અને વર્ષ –૨૦૩૬માં ૧૬.૧૮ એમ.એલ.ડી.પાણીનો સુચિત જથ્થોપુરો પાડવામાં

આવનાર છે આ ઓવરહેડ ટાંકીની ક્ષમતા ૨૪ લાખ લીટર છે. આ ટાંકીની કુલ ઉંચાઈ ૩૭.૦૦ મીટર જેટલી છે.

સવારે ૦૯:૩૦ કલાકે રાંદેર ઝોન વિસ્તારમાં ઓવરહેડ ટાંકી (ESR-1)ખાતમુહૂર્તવિધિ રાંદેર વારિગૃહ હેઠળનાં વિસ્તારમાં ૨૪×૭ નાં ધોરણે પાણી પુરવઠો આપવાની યોજના અંતર્ગત રાંદેર વોટર વર્કસ (ઉગત) ખાતે ઓવરહેડ ટાંકી ( ESR-1) નું ખાતમુહર્તની કરવામાં આવનાર છે.જેમાં ૧.૫૩ ચો.કિ.મી. વિસ્તાર ને આવરી લેવામાં આવશે.વર્ષ –૨૦૧૬ દરમ્યાન ૪૪૫૧૫ વસ્તીને અને વર્ષ –૨૦૩૧ દરમ્યાન ૬૮૪૧૯ વસ્તીને આવરી લેવામાં આવશે.જેમાં લોકોને વર્ષ –૨૦૧૬ દરમ્યાન ૮.૦૧ એમ.એલ.ડી.પાણી પુરવઠો પુરો પાડવામાં આવશે ,વર્ષ –૨૦૩૧ દરમ્યાન ૧૨.૩૨ એમ.એલ.ડી.પાણી પુરવઠો પુરો પાડવામાં આવશે. અને વર્ષ –૨૦૩૬ દરમ્યાન ૧૪.૫૯ એમ.એલ.ડી.પાણી પુરવઠો પુરો પાડવામાં આવનાર છે.જેમાં ઓવરહેડ ટાંકીની ક્ષમતા ૨૧ લાખ લીટર છે જેમાં ટાંકીની કુલ ઉંચાઈ ૩૭.૧૫ મીટર જેટલી છે.

સવારે ૦૯:૩૦ કલાકે હાઈફ્લોજેટીંગ કમ સકશન મશીન (સુપર સકર મશીન) સેટ નંગ–૨નું લોકાર્પણ ડ્રેનેજ ખાતા હસ્તકના તમામ ઝોન કચેરીનાં ઉપયોગ માટે હાઈફ્લોજેટીંગ કમ સકશન મશીન (સુપર સકર મશીન) સેટ નંગ–૨ ખરીદવાનું તેમજ પાંચ વર્ષ માટે ઓપરેશન અને મેઈન્ટેનન્સનાં કામની ફાળવણી કરવાનું કામ કરાશે.હાઈફ્લો જેટીંગ કમ સકશન મશીન (સુપર સકર મશીન) સેટ નંગ–૦૨ માં કુલ મશીન નંગ–૦૨ તેમજ ડમ્પ ટેન્ક નંગ–૦૪ નો સમાવેશ થાય છે. આ મશીનનાં હાઈ પાવર સકશન પંપના ઉપયોગથી આશરે ૧૨.૦૦ મી. સુધીની ઉંડાઈવાળી ડ્રેનેજ લાઈનોના મેનહોલમાં સફાઈ કામદારોને ઉતાર્યા વિના ડીસીલ્ટીંગ (સફાઈ) ને લગતી કામગીરી કરી શકાય છે તેમજ હાઈ ફલો જેટીંગ પંપના ઉપયોગથી ઝડપથી ડ્રેનેજ ચોકીંગની ફરીયાદોનો નિકાલ કરી શકાય છે.

સવારે ૧૦:૦૦ કલાકે મલ્ટી એકટીવીટી ઝોન તથા વોક–વેની ખાતમુહૂર્તવિધિ પશ્ચિમ ઝોન (રાંદેર) માં ટી.પી.સ્કીમ નં.૧૦ (અડાજણ) માં, ફા.પ્લોટ નં.૭૧ ખાતે, મોરારજી દેસાઈ ગાર્ડનની સામે મલ્ટી એકટીવીટી ઝોનમાં લેન્ડ સ્કેપીંગ વિસ્તાર ૮૪૩૫.૯૪ ચો.મી.છે.આ મલ્ટી એકટીવીટી ઝોનમાં વોક–વે ૪૩૫.૮૧ મીટર છે.આ મલ્ટી એકટીવીટીમાં ટ્રી હાઉસ ૧૬૨.૭૬ ચો.મી. છે આ મલ્ટી એકટીવીટી ઝોનમાં વિવિધ સુવિધાઓ પુરી પાડવામાં આવશે.

# પ્રેસનોટ

સુરત શહેર સુધરાઈ સ્થાપના દિનની ઉજવણી પ્રસંગે સુરત મહાનગરપાલિકા ધ્વારા ઉધના ઝોન વિસ્તારમાં તા.૧૫/૦૫/૨૦૧૬ રવિવારના રોજ અણુવ્રત દ્વારથી સેન્ડ થોમસ સ્કુલથી દક્ષેશ્વર મહાદેવ મંદિર સુધીના બી.આર.ટી.એસ.કોરીડોરની લોકાર્પણવિધિ તથા મરાઠી તથા અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાની લોકાર્પણવિધિ માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયાના પ્રમુખ પદે તેમજ રાજય કક્ષા માન.મંત્રીશ્રી નાનુભાઈ વાનાણી , ગુજરાત સરકારના દંડકશ્રી અજયકુમાર ચોકસી, મા.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ , મા. સાંસદશ્રી સી.આર. પાટીલ , મા.સાંસદશ્રી પરભુભાઈ વસાવા , ગુ.હા.બોર્ડના મા. અધ્યક્ષશ્રી વિવેકભાઈ પટેલના મુખ્ય મહેમાન પદે તથા મા.ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી,મા. ધારાસભ્યશ્રી નરોત્તમભાઈ પટેલ, મા.ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા ,મા. ધારાસભ્યશ્રી હર્ષ સંઘવી, મા.ધારાસભ્યશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, મા. ધારાસભ્યશ્રી કિશોરભાઈ કાનાણી, મા. ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, મા. ધારાસભ્યશ્રી જનકભાઈ પટેલ, મા. ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ,મા. ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, મા. ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિના મા.અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ , મા.શાસક પક્ષના નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રાના અતિથિવિશેષ પદે, માન.અધ્યક્ષશ્રી જાહેર પરિવહન સમિતિ શ્રી અનિલભાઈ ગોપલાણી, માન.અધ્યક્ષશ્રી જાહેર બાંધકામ સમિતિશ્રી સુભાષભાઈ પાટીલના વરદહસ્તે ખાતમુહૂર્તવિધિ રાખવામાં આવેલ છે.

શહેરી વિસ્તારોમાં માસ ટ્રાન્સપોર્ટેશન સુવિધા વધુ અસરકારક તથા આધુનિક બનાવવા તથા પ્રાઈવેટ વાહનોના વધુ ઉપયોગને કારણે ઉભી થતી ટ્રાફિકની સમસ્યાઓ તથા એન્વાયરમેન્ટની સમસ્યાઓ ઉકેલવા તેમજ રહેઠાણની કામ કરવાની જગ્યાઓ ઉપર જવા–આવવામાં થતી સમયની બરબાદી તથા મોંઘા બળતણની બરબાદી રોકવા માટે BRTS (Bus Rapid Transit System) નું આયોજન કરવામા આવેલ છે. BRT સીસ્ટમમા બસ માટે એક અલાયદી લેન ફાળવવામાં આવેલ છે

અણુવ્રત ધ્વાર થી સેન્ટ થોમસ સ્કુલ થઈ દક્ષેશ્વર મહાદેવ મંદિર સુધીના બી.આર.ટી. કોરીડોરની કામગીરી પૂર્ણ થઈ ગયેલ છે. જેથી સુરત શહેર વિસ્તાર પૈકી અણુવ્રત ધ્વાર થી સેન્ટ થોમસ સ્કુલ થઈ દક્ષેશ્વર મહાદેવ મંદિર સુધીના વિસ્તારમાં માસ ટ્રાન્સપોર્ટેશનની સુવિધા ઉપલબ્ધ કરાવવા તથા શહેરના

જુદા જુદા વિસ્તારને જોડી આ સેવાને વધુ તેમજ અસરકારક બનાવવા માટે બી.આર.ટી.એસ. (બસ રેપીડ ટ્રાન્ઝીટ સીસ્ટમ ) નું આયોજન કરવામાં આવેલ છે.

અણુવ્રત ધ્વાર થી સેન્ટ થોમસ સ્કુલ થઈ દક્ષેશ્વર મહાદેવ મંદિર સુધીના કુલ ૬.૭૦ કિ.મી. લંબાઈનો બી.આર.ટી. રૂટ તૈયાર થઈ ગયેલ છે. જેનો અંદાજીત ખર્ચ રૂા.૪૩.૦૦ કરોડ તેમજ આ કોરીડોરના ૧૧(અગિયાર)બસ શેલ્ટરનો અંદાજીત ખર્ચ રૂા.૫.૯૦કરોડ સહિત કુલ રૂા.૪૮.૯૦ કરોડ જેટલો ખર્ચ થયેલ છે.

સવારે ૧૧:૦૦ કલાકે મરાઠી તથા અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાની લોકાર્પણવિધિ રાખવામાં આવેલ છે.જેમાં સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં ટી.પી.સ્કીમ નં ૨(ઉધના), ફા.પ્લોટ નં ૭૭–૭૮ ખાતે મરાઠી તથા અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળા બનાવવાનું કામમાં પ્રોજેકટ કોસ્ટ રૂા.૧૧૫.૦૩ લાખ જેટલો થયેલ છે. આ શાળાનું બાંધકામનું ક્ષેત્રફળ ૧૪૭૩.૨૩ કિ.મી. છે. આ શાળામાં ઓવરહેડ ટાંકી ૫,૦૦૦ લીટર અને અન્ડર ગ્રાઉન્ડ ટાંકી ૧૫૦૦૦ લીટર છે.આ ઉપરાંત આ શાળામાં વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.આ શાળાના નિર્માણથી આ વિસ્તારના બાળકોને શિક્ષણનો લાભ મળી રહેશે.

# પ્રેસનોટ

સુરત શહેર સુધરાઈ સ્થાપના દિનની ઉજવણી પ્રસંગે સુરત મહાનગરપાલિકા ધ્વારા લિબાયત ઝોન વિસ્તારમાં તા.૧૫/૦૫/૨૦૧૬ રવિવારના રોજ સવારે ૧૧ઃ૩૦ કલાકે વેજીટેબલ માર્કેટની લોકાર્પણવિધિ માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયાના પ્રમુખ પદે તેમજ રાજય કક્ષા માન.મંત્રીશ્રી નાનુભાઈ વાનાણી , ગુજરાત સરકારના દંડકશ્રી અજયકુમાર ચોકસી, મા.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ , મા. સાંસદશ્રી સી.આર. પાટીલ , મા.સાંસદશ્રી પરભુભાઈ વસાવા , ગુ.હા.બોર્ડના મા. અધ્યક્ષશ્રી વિવેકભાઈ પટેલના મુખ્ય મહેમાન પદે તથા મા.ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી, મા. ધારાસભ્યશ્રી નરોત્તમભાઈ પટેલ, મા.ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા , મા. ધારાસભ્યશ્રી હર્ષ સંઘવી, મા.ધારાસભ્યશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, મા. ધારાસભ્યશ્રી કિશોરભાઈ કાનાણી, મા. ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, મા. ધારાસભ્યશ્રી જનકભાઈ પટેલ, મા. ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ,મા. ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, મા. ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિના મા.અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ , મા.શાસક પક્ષના નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રાના અતિથિવિશેષ પદે તથા માન.અધ્યક્ષશ્રી આરોગ્ય સમિતિ શ્રી અનિલભાઈ બિસ્કીટવાલાના વરદહસ્તે ખાતમુહૂર્તવિધિ રાખવામાં આવેલ છે.

ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૬૨(ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ), ફા. પ્લોટ નં. આર–૦૬, (સી.આર.પાટીલ એસ્ટેટ પાસે) ડીંડોલી, સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) ખાતે બનેલ વેજીટેબલ માર્કેટનું પ્લોટનું ક્ષેત્રફળ ૩૯૧.૦૦ ચો.મી. છે.આ વેજીટેબલ માર્કેટનો પ્રોજેકટનો હેતુ વેજીટેબલ માર્કેટ બનવાથી ડીંડોલી ગામતળ તથા આજુ બાજુના વસ્તારના લોકોને વેજીટેબલ માર્કેટની સુવિધા પ્રાપ્ત થશે.

# :: <u>પ્રેસનોટ</u> ::

## સુરત મહાનગરપાલિકા આયોજીત "સમર કેમ્પ"

સુરત મહાનગરપાલિકા દ્વારા કળા, સંગીત, નૃત્ય, નાટ્ય કલાકારો અને રમતવીરોને પ્રોત્સાહન આપી તેમનામાં છૂપાયેલી શકિત બહાર લાવવા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અને સ્પર્ધાઓ યોજવામાં આવે છે. સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ દ્વારા ૧૫ મે, સુરત સુધરાઈ સ્થાપના દિન ઉજવણી અંતર્ગત શહેરના બાળકો અને કલાકારોમાં રહેલી કલાક્ષેત્રની સુષુપ્ત શકિતને બહાર લાવી તેઓની સર્જનશીલતાને વેગ આપવા તા.૧૫/૦૫/૧૬ થી તા.૦૫/૦૬/૧૬ દરમ્યાન પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત ખાતે "સમર કેમ્પ"માં અલગ અલગ વયગૃપ માટે વિવિધ કોર્ષના તાલીમનું આયોજન કરવામાં આવેલ છે. તા.૧૬/૦૫/૨૦૧૬ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે યોજાનાર આ સમરકેમ્પના શુભારંભ પ્રસંગે માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયા, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુ.કમિશ્નરશ્રી મિલિન્દ તોરવણે,આઈ.એ.એસ., શાસકપક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ તથા નાટ્ય અને કલાક્ષેત્રના તજજ્ઞો ઉપસ્થિત રહી શિબિરાર્થીઓને પ્રોત્સાહિત કરશે.

"સમર કેમ્પ"નું સમયપત્રક નીચે મુજબ છે.

| ગેલેરી | સમર કેમ્પના વિષયો | વયગૃપ | સમય |
|---|---|---|---|
| મ્યુઝીક રૂમ | અભિનય | ૨૧ વર્ષથી ઉપરના શિબિરાર્થીઓ માટે | સવારે ૮ થી ૧૦ |
| | અભિનય | ૧૩ થી ૨૦ વર્ષના શિબિરાર્થીઓ માટે | સવારે ૧૦ થી ૧૨ |
| | બાળ નાટ્ય શિબિર | ૭ થી ૧૩ વર્ષના બાળકો માટે | સાંજે ૪ થી ૬ |
| | નાટ્ય લેખન અને દિગ્દર્શન | ૨૧ વર્ષથી ઉપરના શિબિરાર્થીઓ માટે | સાંજે ૬ થી ૮ |
| ડાન્સ રીર્હસલ રૂમ | કલાસીકલ ડાન્સ | ૭ થી ૧૨ના શિબિરાર્થીઓ માટે | સવારે ૧૦ થી ૧૨ |
| | કલાસીકલ ડાન્સ | ૧૩ થી ૧૮ વર્ષના શિબિરાર્થીઓ માટે | બપોરે ૧૨ થી ૨ |
| | વેસ્ટર્ન ડાન્સ | ૭ થી ૧૨ના શિબિરાર્થીઓ માટે | બપોરે ૩ થી ૫ |
| | વેસ્ટર્ન ડાન્સ | ૧૩ થી ૧૮ વર્ષના શિબિરાર્થીઓ માટે | સાંજે ૫ થી ૭ |
| ડ્રોઈંગ રૂમ | પેપરબેગ, દિવા ડેકોરેશન, ફાઈલ ફોલ્ડર મેકીંગ કેમ્પ, | ૧૩ થી ૧૭ વર્ષના બાળકો માટે | સવારે ૧૦ થી ૧૨ |
| | નાટ્ય નિર્માણ(ટેકનીકલ) | ૨૧ વર્ષથી ઉપરના શિબિરાર્થીઓ માટે | સાંજે ૪ થી ૬ |
| સ્કલ્પટીંગ રૂમ અને સેડ | યુસીડી વિભાગ દ્વારા સખી મંડળ દ્વારા થતી માટીકામની પ્રવૃત્તિઓનું ડેમોન્સ્ટ્રેશન | સખીમંડળો દ્વારા | સવારે ૧૦ થી ૧૨ |

આ સમર કેમ્પના વિવિધ કોર્ષમાં શહેરના નાટ્ય જગત અને નૃત્યકલા ક્ષેત્રના તજજ્ઞો પોતાના અનુભવનો લાભ આપી શહેરની ઉભરતી પ્રતિભાઓને ખીલવવા માર્ગદર્શન પુરૂં પાડશે. સમરકેમ્પમાં તાલીમ પામેલા શિબિરાર્થીઓ કેમ્પ સમાપનના દિવસે પોતાની આગવી પ્રતિભાને પરફોર્મીંગ આર્ટ સેન્ટરના તખ્તે પ્રદર્શિત કરશે.